

વિકારના ષટ્કારક તો દૂર રહ્યાં પણ જ્ઞાનની પર્યાયના ષટ્કારકના પરિણમનનું લક્ષ પણ છોડીને તેનાથી ભિન્ન છું એવી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

—સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૯
સં. ૨૦૫૫
[ ૬૬૨ ] * આત્મધર્મ * [ અંક-૬ વર્ષ-૫૫ ]
વીર સં. ૨૫૨૫
ડીસેમ્બર—૧૯૯૮

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ ચૈતન્યસ્વરૂપ આત્માના ચિંતનથી મુમુક્ષુજનોના રસ નીરસ થઈ જાય છે, ભેગા મળીને ચાલતી કથાઓનું કુતૂહલ નષ્ટ થઈ જાય છે, ઇંદ્રિયવિષય વિલીન થઈ જાય છે, શરીરની બાબતોમાં પણ પ્રેમનો અંત આવી જાય છે, એકાંતમાં મૌન પ્રતિભાસિત થાય છે તથા તેવી દશામાં દોષોની સાથે મન પણ મરવાની ઇચ્છા કરે છે. ૫૩૨.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ–પંચવિંશતિ, પરમાર્થ વિંશતિ, ગાથા–૧૯)*

❀ શુદ્ધ સમ્યગ્દર્શનકા પ્રેમ તથા શુદ્ધ આત્મજ્ઞાનકા પ્રેમ કર્મોકા ક્ષય કરનેવાલા હૈ. પરંતુ યદિ શરીરકા મોહ હો તો અનંતાનંત પર્યાયોંકો યહ જીવ ધારણ કરતા રહતા હૈ. ૫૩૩. *(શ્રી તારણસ્વામી, ઉપદેશશુદ્ધસાર, શ્લોક–૩૭૫)*

❀ જેમ સૂર્યના આકરાં કિરણો કમળની નાજુક કળીઓને પ્રફુલ્લિત કરે છે તેમ શ્રીગુરુના કઠોર શિક્ષાવચનો પણ ભવ્ય જીવોના અંતઃકરણને પ્રફુલ્લિત કરે છે. ૫૩૪. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા–૧૪૧)*

❀ મનુષ્ય અપને દોષોંકો યદ્યપિ કપટસે આચ્છાદિત કરતા હૈ (ઢંકતા હૈ) તો ભી વહ લોકમેં ક્ષણભરમેં હી ઇસ પ્રકારસે અતિશય પ્રકાશમેં આ જાતા હૈ—પ્રગટ હો જાતા હૈ—કિ જિસ પ્રકારસે જલમેં ડાલા ગયા મળ ક્ષણભરમેં હી ઉપર આ જાતા હૈ. અત એવ મનુષ્યોંકો ઉસ માયાચારકે લિયે હૃદયમેં થોડા-સા ભી સ્થાન નહીં દેના ચાહિયે. ૫૩૫.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૬૨)*

❀ હું એમ સમજું છું કે જે પુરુષ જિનધર્મીઓની સહાયતા કરે છે તેનું નામ લેતાં પણ મોહકર્મ લજ્જાયમાન થઈને મંદ પડી જાય છે, અને તેના ગુણગાન કરવાથી કર્મો ગળી જાય છે. ૫૩૬.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા–૫૪)*

❀ હે યોગી! તૂ જો વીતરાગ પરમાનંદકે શત્રુ ઐસે નરકાદિ ચારોં ગતિયોંકે દુઃખ ઉનસે ડર ગયા હૈ, તો તૂ નિશ્ચિંત હોકર પરલોકકા સાધન કર! ઇસ લોકકી કુછ ભી ચિંતા મત કર. ક્યોંકિ તિલકે ભૂસે માત્ર ભી શલ્ય મનકો નિશ્ચયસે વેદના કરતી હૈ. ૫૩૭.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, શ્લોક–૧૮૭)*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૫
અંક-૬
[૬૬૨]

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
DEC.
A.D. 1998

## સર્વને જાણનારો તું સર્વથી ઉત્કૃષ્ટ છો

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૮૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેમાં બીજા અધિકારની ૧૭ મી ગાથા થઈ. હવે ચાર દોહા દ્વારા યોગીન્દ્રદેવ છ દ્રવ્યોના દરેકના ક્રમથી લક્ષણ કહે છે.

मुत्ति-विहूणउ णाणमउ परमाणंद-सहाउ
णियमिं जोइय अप्पु मुणि णिच्चु णिरंजणु भाउ ॥१८॥

અર્થ :—શ્રી યોગીન્દ્રદેવ પ્રભાકરભટ્ટને કહે છે કે હે યોગી ! નિશ્ચયથી તું આત્માને આવો જાણ ! કેવો છે આત્મા ? મૂર્તિથી રહિત છે, જ્ઞાનમયી છે, પરમાનંદ સ્વભાવવાળો છે, નિત્ય છે, નિરંજન છે. આવો જીવપદાર્થ છે.

ભાવાર્થ :—આ આત્મા, અમૂર્તિક શુદ્ધાત્માથી ભિન્ન એવી જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળી મૂર્તિ તેનાથી રહિત છે માટે અમૂર્તિક છે. શરીર, કર્મ, આદિ વર્ણ, ગંધવાળા મૂર્તિક પદાર્થો છે જ્યારે આત્મા તો તેનાથી રહિત અમૂર્તિક પદાર્થ છે.

આ આત્મા લોક અને અલોકનો પ્રકાશ કરવાવાળા કેવળજ્ઞાનથી પૂર્ણ છે માટે આત્મા જ્ઞાનમયી જ સ્વયં છે. પોતે અરૂપી છે છતાં તેનો સ્વભાવ એવો છે કે રૂપી અને અરૂપી, લોક અને અલોકના બધાં પદાર્થોને પ્રકાશે–જાણે એવો તેનો સ્વભાવ છે. ભગવાન આત્મા કેવળજ્ઞાનથી પૂર્ણ છે, પરથી તદ્દન જુદો છે છતાં પોતાના જ્ઞાનસ્વભાવથી પરિપૂર્ણ ભરચક છે.

આત્મા માત્ર જ્ઞાન જ નહિ પણ આનંદથી પણ પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. ત્રણેકાળ આત્મા જ્ઞાનાનંદથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. શરીર, મન, વાણીની વચ્ચે રહ્યો હોવા છતાં તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિથી આત્મા રહિત જ છે—તદ્દન જુદો છે. અરૂપી છે તો તેનામાં કાંઈ છે કે નહિ ?–હા, આત્મામાં ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણે તેવું જ્ઞાન ભરેલું છે. આત્મા લોકાલોકનો રચનાર નથી. લોકાલોકનો રક્ષક નથી. લોકાલોકને ફેરવનાર નથી તેમ જ લોકલોકનો નાશ કરનારો નથી. આત્મા તો જ્ઞાનસ્વભાવી હોવાથી લોકાલોકનો માત્ર જાણનાર છે, રક્ષક કે ભક્ષક નથી.

આત્માને પર સાથે માત્ર જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે એટલે કે આત્મા જાણનાર–જ્ઞાયક છે અને પરપદાર્થ જણાવાયોગ્ય-જ્ઞેય છે બાકી પર સાથે આત્માને કાંઈ સંબંધ નથી. વેપાર કરવાનો, પૈસા રાખવાનો કે પૈસા દેવાનો—એવો કોઈ આત્માનો સ્વભાવ જ નથી કેમ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. અરે ! એને ખબર નથી કે હું કોણ છું ? હું શું કરું છું ? પરમાં શું થાય છે ? મારે અને તેને શું સંબંધ છે ?

જેમ કેવળીભગવાન એક સમયમાં સર્વને જાણે છે તેમ તારો પણ માત્ર જાણવાનો જ સ્વભાવ છે. ત્રણલોકના નાથ ભગવાન સર્વજ્ઞ તીર્થંકર પરમદેવના શ્રીમુખેથી નીકળેલ વાણીમાં એમ આવ્યું છે કે ભાઈ ! તું જાણનાર છો, લોકાલોકના બધાં જ પદાર્થો તારા જ્ઞાનમાં જણાય અને તું જાણ એવો જ તારે અને જગતને સંબંધ છે. લોકાલોકમાં શું બાકી રહે ! આ શરીર, વાણી, રોટલા, દાળ, ભાત, મકાન આદિ બધું જ તેમાં આવી જાય, તે જણાય અને તું જાણ એવો જ સંબંધ છે. પરપદાર્થ કર્તા અને તારામાં કાર્ય થાય અથવા તું કર્તા અને પરપદાર્થનું કાર્ય થાય એવો કર્તા-કર્મસંબંધ પરદ્રવ્ય સાથે તારે કદી નથી.

પહેલાં અમે પરદ્રવ્યના કામ કરી શકતા હતા પણ હવે નથી કરી શકતા એ પણ મૂઢની માન્યતા છે. આત્માએ ત્રણકાળમાં પરદ્રવ્યના કામ કર્યા જ નથી, આત્મા તો માત્ર જાણનાર જ રહ્યો છે. શરીર સારું હતું ત્યારે કેટલાં કામ કરતાં, વિલાયત જતાં, પૈસા કમાતાં એ બધી વાત ખોટી છે એમ ભગવાન કહે છે.

તીર્થંકર પરમદેવ સર્વજ્ઞપરમાત્મા કેવળજ્ઞાનમાં આમ જાણે છે તેનો જ આ પોકાર છે કે આત્મા માત્ર જાણનાર છે, કરનાર નથી. પરદ્રવ્યનો હું કર્તા કે પરદ્રવ્ય મારું કર્તા એ વાત જ નથી. પચાસ લાખ રૂપિયા હોય કે કરોડ રૂપિયા હોય તે શું કરે ! શરીર અટકી ગયું છે તેને એ રૂપિયા ચલાવી દે છે ? તો શું આત્મા તેને ચલાવી દે ? શરીર તારાથી ભિન્ન વસ્તુ છે તેને તું શું કરે અને પૈસા પણ શું કરે ! આત્માને

તો તેની સાથે માત્ર જાણવાનો જ સંબંધ છે તેના બદલે તું શરીર, ધનાદિને 'મારા' માને છે એ તારી મૂઢતા છે.

કેવળજ્ઞાન બધાં પદાર્થોને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે. क्रमकरण व्यवधानरहितेन એટલે આગળ પાછળ જાણતું નથી, એક સાથે સર્વને જાણે છે. જગતમાં અનંત આત્માઓ, અનંત પુદ્‌ગલ, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ અને અસંખ્ય કાલાણુ છે તે સર્વને કેવળજ્ઞાન એકસાથે જાણે છે બસ! તેમાં કાંઈ ફેરફાર કરતો નથી કે તેમાંથી કોઈ પદાર્થને આત્મા ભોગવતો નથી. હું ભોક્તા અને પરપદાર્થ મારા ભોગ્ય એવું તો મૂઢ જીવ માને છે, આત્માનું સ્વરૂપ એવું નથી. આ દાળ, ભાત, સ્ત્રી, પુત્ર, ધનાદિ મારે ભોગવવા લાયક છે, હું ભોગવું છું એવી તારી માન્યતા જૂઠી છે. મૂઢ છો કે આવું માને છો? તમને લોકો ભલે કરોડપતિ કહે પણ અહીં તો ભગવાન કહે છે કે તમે જ્ઞાનના પતિ છો, પૈસાના પતિ નથી. શરીરના રજકણ પણ માત્ર જણાવાયોગ્ય છે તેના બદલે શરીરને પોતાનું માને છે તે આત્માની હિંસા કરી રહ્યો છે.

શ્રોતા :—મૂર્ખાઈ કરે છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—મૂર્ખાઈ કરે છે એટલું જ નહિ, મહાપાપ બાંધે છે. એની મૂઢતા એને પાપના મોટા ચીકણાં લોચાં (કર્મ) બંધાવે છે. એ ચીકણાં કર્મ તેને બીજું કોઈ ઉખેડી નહિ દે, પોતે જ સમજણ કરે કે હું તો 'જ્ઞાન' છું, જગત તો જણાવાયોગ્ય પદાર્થ છે, મારે અને જગતને બીજો કાંઈ સંબંધ નથી એવી સમજણ વડે પોતે છૂટી શકે છે. માટે દરેકે 'હું જ્ઞાન છું' એટલું ધ્યાન રાખવું.

ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ છે. આત્માના સ્વરૂપની સર્વ સાધારણ વાત કરે છે તેમાં પણ મુનિરાજે આ વાત નાખી છે કે આત્મા પરમજ્ઞાનસ્વરૂપ છે. આત્માના નેત્ર જ જ્ઞાન છે, અનંત ચીજો જ્ઞાનમાં માત્ર જાણવાલાયક છે તેનાથી અધિક કાંઈ પણ બીજી ખતવણી કરે છે તે અસત્–મિથ્યાબુદ્ધિથી કરે છે.

'મારે તો દસ ભાઈઓ છે, મોટા મોટા ખેતર છે, સગા-વ્હાલાનો પાર નથી'—એ બધી વાત જૂઠી છે કેમ કે વસ્તુનું સત્ જ જગતથી નિરાળુ, માત્ર જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન પણ કેવું! કે વસ્તુમાં અત્યારે આમ છે માટે એમ જાણે છે પછી બીજું પરિણમન થશે ત્યારે તેમ જાણશે–એમ નથી. બધું જ એકસાથે જાણે, આગળ-પાછળ નહીં, એવું જ જ્ઞાનનું સ્વરૂપ છે. આત્મા વસ્તુમાં કાંઈ આગળ-પાછળ કરતો નથી અને વસ્તુમાં આગળ-પાછળ કાંઈ થતું પણ નથી. બધું વ્યવસ્થિત છે. કોઈ વસ્તુની કોઈ અવસ્થાને આત્મા ફેરવી શકતો નથી. જેમ છે તેમ માત્ર જાણી શકે છે.

આ જ્ઞાનસૂર્ય—ચૈતન્યપ્રભુનું જ નામ 'જીવ' છે. વળી તે કેવો છે ?—કે વીતરાગભાવ પરમાનંદરૂપ એક અતીન્દ્રિય સુખસ્વરૂપ છે માટે જ્ઞાન અને આનંદરૂપે પરિણમવું એવું જ તેનું સ્વરૂપ છે. પણ એ પોતે, નજર ન કરે તો ક્યાંથી દેખાય ! શાસ્ત્રમાં એક દાખલો આપ્યો છે કે એક માણસ બહુ કહેતો હતો કે મને આત્મા બતાવો—આત્મા બતાવો. મને જ્ઞાનજળ પીવરાવો. ત્યારે તેને એક માણસે કહ્યું કે પેલાં સમુદ્રમાં માછલું છે તેની પાસે જા, એ તને બતાવશે. આ તો ગયો માછલાં પાસે, તમે કોઈ મોટા જ્ઞાની લાગો છો, મને તમારી પાસે મોકલ્યો છે, મને આત્મા બતાવો ને ! મારું જ્ઞાન ક્યાં છે ? ત્યારે પેલું માછલું કહે તમે પણ કોઈ મોટા પુરુષ લાગો છો, હું ઘણા કાળનો તરસ્યો છું, મને પાણી લાવી દ્યો ને ! અરે ! આ પાણી ભર્યું છે તે તને દેખાતું નથી ? સમુદ્રમાં તો તું રહેલો છો !—ત્યારે માછલું કહે છે તમે જે શિખામણ મને આપો છો તે જ તમે લ્યો ને ! જ્ઞાનસમુદ્ર તો તમે પોતે જ છો અને મારી પાસે જ્ઞાન લેવા આવ્યા છો ? તમે તો જ્ઞાનસ્વરૂપ છો.

આવું એક ભજન પણ આવે છે :

પાનીમેં મીન પ્યાસી, મને સુન સુન આવત હાંસી રે.....પાનીમે મીન પ્યાસી. માછલી પોતે પાણીમાં પડી છે અને વાદળ સામે મુખ ધરીને બેઠી કે ક્યારે પાણી વરસે ! તેમ, પોતે આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ જ છે તેને જોતો નથી અને આમ—બહાર ઈન્દ્રિયને અને મનને બધાંને જોયા કરે છે. જ્ઞાનનો દરિયો તો પોતાની અંદર ભરેલો છે તેને જોતો નથી. કેમ નથી જોતો ? કે પર સામે જોયા કરે છે માટે પોતાને જોતો નથી. હું કોણ છું તેનો પોતાની સન્મુખ થઈને કદી વિચાર જ કર્યો નથી. મૂઢપણે ઈન્દ્રિયોના લક્ષપૂર્વક આ કર્યું, આ લીધું, આ મૂક્યું, આ જાણ્યું એમ કર્યાં કરે છે પણ જાણનારો કોણ છે તેને જાણવાનો પ્રયત્ન અનંતકાળમાં એક સમય પણ કર્યો નથી.

સમરસીભાવપરિણત સ્વરુપત્વાત્—પર્યાયમાં પરમાનંદમય સમરસીભાવપણે પરિણમે એવો જ આત્મવસ્તુનો અભાવ છે. રાગરૂપે થવું કે વિકારરૂપે થવું કે પરનું કર્તા-ભોક્તા થવું એવું એના સ્વરૂપમાં જ નથી. વીતરાગી આનંદપણે પરિણમે એવું જ આત્માનું સ્વરૂપ છે. લોકાલોકને જાણવું અને વીતરાગ આનંદમાં રહેવું એવો જ તેનો સ્વભાવ છે. એક સમયની પર્યાય જેવડો કે રાગ-દ્વેષવાળો આત્માને માનવો અને શરીરને પોતાનું માનવું એ બધું ભ્રમ છે—અજ્ઞાન છે.

ટૂંકમાં, ભગવાન આત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો, જ્ઞાનમય અને પરમાનંદ સ્વભાવી છે એટલી જ વાત છે. આવા આત્માને અંતરમાં જાણીને, જોઈને, વીતરાગભાવે

પરિણમવું એ તારો સ્વભાવ છે. આવા આત્માને જાણે અને અનુભવે ત્યારે તેણે આત્માને માન્યો કહેવાય. છ દ્રવ્યની સિદ્ધિમાં પહેલો જ આત્મા છે તેને આ રીતે માને તે જ આત્માનો આસ્તિક થયો કહેવાય છે. પરના કાર્ય કરે, કરાવે, લેવડ–દેવડ કરે એવું આત્માનું સ્વરૂપ માને છે તેણે આત્માને ઓળખ્યો જ નથી.

આત્માને શરીરવાળો માને, રાગવાળો માને, પૈસાવાળો માને, પરના કામ કરવાવાળો માને, પરથી લાભ માને તેણે આત્માને માન્યો જ નથી. લીંબોળીને નીલમણિ માની લેવા જેવી વાત છે. અલ્પજ્ઞપર્યાયપણે પરિણમવાવાળો કે દુ:ખરૂપે થવાવાળો માને છે તેણે પણ આત્માને માન્યો નથી. અનંત પદાર્થો છે તે આત્માને માટે માત્ર જ્ઞેય તરીકે જાણવા લાયક છે, તેનું રક્ષણ કરવું કે ભક્ષણ કરવું કે કાંઈપણ કરવું તારે આધીન નથી.

આ કુટુંબનું, ગામનું કે દેશનું રક્ષણ કરવું એવો તો આત્માને કુટુંબ આદિ સાથે સંબંધ છે કે નહિ? ના. બિલકૂલ નહિ. આત્મા બીજાને મદદ કરે કે આત્માના આનંદમાં બીજા પદાર્થો આત્માને મદદ કરે એવો તેનો સ્વભાવ જ નથી. અરે ! આત્મામાં ઊઠતાં દયા-દાનાદિ પરિણામની મદદથી વીતરાગ પરિણતિ થાય એવો પણ જીવનો સ્વભાવ જ નથી. અહા ! કેટલી ટૂંકી, પણ મૂળ વાત મૂકી દીધી છે. પરદ્રવ્યોથી તો આત્માનું કામ ન થાય કેમ કે એ તો જ્ઞેય છે અને આત્મા જ્ઞાન છે તેથી જ્ઞેયથી જ્ઞાનનું કાર્ય ન થાય પણ, અંતરમાં ઊઠતાં વ્યવહારરત્નત્રયના પરિણામથી જ્ઞાન અને આનંદ પ્રગટ થાય એવો પણ તેનો સ્વભાવ નથી. પોતાથી જ પોતે જ્ઞાનાનંદ વીતરાગ પરિણતિએ પરિણમે એવો તેનો સ્વભાવ છે.

આહાહા ! એકલા અમૃત ઘૂંટ્યાં છે. એક ગાથાના એક ભાવમાં આખો અમૃતનો સમુદ્ર ઉછાળ્યો છે. ભગવાન ! તું તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ છો ને ! તારું પરિણમન તો પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગી આનંદપણે જ હોય ને ! માટે, તું તારા આત્માને આવા સ્વરૂપે જાણ ! આ સિવાય બીજી રીતે જાણે છો તો તે આત્માને માન્યો જ નથી.

આ બધું, સમજનારને સમજવા માટે કહેવાય છે. એક જ ગાથા સમજે તો બધો ફેંસલો થઈ જાય એવી–એવી ગાથા છે. ભગવાન ! તું પરમાત્મા થવાના નૂરથી ભરેલો તેજમય તત્ત્વ છો ભાઈ ! પરમસ્વરૂપ પ્રભુ સર્વને જાણવાની સાથે વીતરાગ આનંદપણે પરિણમે એવો જ જીવદ્રવ્યનો સ્વભાવ છે. આવા સ્વભાવને માન્યો તેણે જ જીવદ્રવ્યને માન્યું છે. બીજી રીતે માને છે તેણે જીવદ્રવ્યને માન્યું જ નથી. માટે હે યોગી ! શુદ્ધનિશ્ચયથી તું તારા આત્માને અમૂર્તિક, જ્ઞાન અને આનંદમય પરિણમનસ્વભાવી જાણ !

અહા ! વીતરાગની કથનપદ્ધતિ તો જુઓ ! ચારેબાજુથી કોઈપણ રીતે વાત ઉપાડે તોપણ પૂર્વાપર વિરોધ રહિત એક જ વસ્તુ સિદ્ધ થાય છે.

વસ્તુ તરીકે જુઓ તો–શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી, ટાંક્યા વિના ઘડાયેલા ઘાટ જેવો સુઘટઘાટ જ્ઞાયકસ્વભાવ નિત્ય છે. અસંખ્યપ્રદેશી ભગવાન અનંતગુણનો એકરૂપ અઘડિત ઘાટ છે–એવો જ્ઞાયક એક સ્વભાવ નિત્ય છે તથા મિથ્યાત્વ અને રાગાદિરૂપ અંજનથી રહિત નિરંજન છે. આત્માનું નાસ્તિથી પણ કથન કર્યું કે આત્મા ભ્રમણાથી અને રાગરૂપ અંજનથી રહિત છે. અન્યમતીએ તો આત્માનું સ્વરૂપ આવું જાણ્યું નથી પણ જૈનના વાડામાં પણ કોઈ આવા આત્મસ્વરૂપને જાણતું નથી. જૈન નામ ધરવાથી જૈન થઈ જવાતું નથી, કરિયાતાની કોથળી ઉપર સાકર નામ લખવાથી કાંઈ કરિયાતું ગળ્યું થઈ જાય ! ઉપર કહ્યું તેવું આત્મસ્વરૂપ છે તેને જાણે તે જૈન થાય છે.

આ સત્ય સમજે તે ભાગ્યશાળી છે. બાકી જૈનકુળમાં જન્મ લેવામાત્રથી ભાગ્યશાળી નથી. સાચું સાંભળવાનું મળે એ અપેક્ષાએ વ્યવહારથી તેને ભાગ્યશાળી કહેવાય પણ ખરેખર તો આત્માને ઓળખે તે ભાગ્યશાળી છે.

ભ્રમણા અને રાગ-દ્વેષ તો આત્માની વિકારી પર્યાય છે, સ્વભાવ નથી માટે અચેતન છે. માટે હે આત્મા ! તું તારો સ્વભાવ આવા જ્ઞાન અને આનંદમય છે એમ સારી રીતે જાણ ! અને ભ્રમણાને ભાંગી નાંખ. જરાક આબરું હોય તો અને એમ થઈ જાય કે અમે સુખી છીએ. પાંચ-પચીસ કરોડ રૂપિયા થાય તો કહે અમે તો બાદશાહ છીએ....અરે ! કેટલી મૂઢતા ! પાગલપણાંના કાંઈ પ્રમાણ છે ! પૂરેપૂરા પદાર્થને જાણનારો છે તેને બદલે થોડી વસ્તુને જાણીને તેને મારી માનીને તેમાં જ રોકાય જાય છે.

આ તો ત્રણલોકના નાથ તારાં દ્રવ્યસ્વરૂપને બતાવે છે ભાઈ ! તું તો પૂર્ણ જ્ઞાનાનંદનો નાથ છો. તેને બીજી રીતે માન તો કાંઈ તે આત્માને માન્યો કહેવાય ! બધાં પદાર્થોમાં જે સર્વથી ઉત્કૃષ્ટ છે એવા આત્માને તું ભલીભાંતિ–સારી રીતે જાણ ! સર્વને જાણનારો તું સર્વથી ઉત્કૃષ્ટ છો.

આવા ગુણોથી મંડિત શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, બાકી સર્વ ત્યાગવાયોગ્ય છે. ગુણમય આત્મા જ આદરણીય છે એટલે કે શ્રદ્ધામાં અંગીકાર કરવા લાયક છે, બાકી કાંઈ અંગીકાર કરવા લાયક નથી, માત્ર જ્ઞેય તરીકે જાણવા લાયક છે પણ શુદ્ધાત્મા સિવાય કોઈ પદાર્થ ઉપાદેય નથી. પુણ્ય–પાપ અમારા છે, શરીરની ક્રિયા અમારી છે, પૈસા અમારા છે એમ કોઈને પોતાના માનવા લાયક નથી.

શ્રોતા :—ભગવાન તો અમારા ખરાં ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભગવાન પણ અમારા નહિ. ભગવાન આ આત્માના જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. (સૌને) સર્વોત્કૃષ્ટ તો, એક નિજ આત્મા છે તે જ ઉપાદેય છે. જ્ઞાન અને આનંદરૂપે પરિણમે તો જ તેને જીવદ્રવ્યની પ્રતીત કહેવાય, રાગરૂપે પરિણમે છે તેને જીવના પૂરાં સ્વરૂપની પ્રતીત નથી. એક આત્માને યથાર્થપણે જાણે તેણે સર્વને જાણ્યાં–ત્રણકાળ ત્રણલોકને જાણી લીધા.

લ્યો, આ એક જીવદ્રવ્યની વાત કરી. હવે ૧૯ મી ગાથામાં પુદ્‌ગલ અને ધર્મ, અધર્મદ્રવ્યની વાત કરે છે.

पुग्गलु छव्विहु मुत्तु वढ इयर अमुत्तु वियाणि ।
धम्माधम्मु वि गयठियहँ कारणु पभणहिं णाणि ॥१६॥

હે વત્સ! પુદ્‌ગલદ્રવ્ય છ પ્રકારના છે અને મૂર્તિક છે તથા અન્ય સર્વ દ્રવ્ય અમૂર્ત છે એમ જાણ!

ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્યો જણાયા છે તેમાં એક પુદ્‌ગલ જ મૂર્તિક છે. દરેક પુદ્‌ગલ પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ રહેલાં છે, બાકી કોઈ દ્રવ્યોમાં રંગ, ગંધાદિ નથી. આમ તું જાણ. તારો જાણવાનો સ્વભાવ છે તો જેમ છે તેમ દ્રવ્યોને તું જાણ!

ધર્મ અને અધર્મ આ બે દ્રવ્યોને કેવળી અને શ્રુતકેવળીઓએ ગતિ અને સ્થિતિમાં સહાયક છે એમ કહ્યું છે. જીવ અને પુદ્‌ગલદ્રવ્ય ગતિપણે પરિણમે છે તે કાળે ધર્મદ્રવ્ય સહકારી તરીકે નિમિત્ત છે અને ગતિ પૂર્વક સ્થિર થાય છે ત્યારે તેને અધર્મદ્રવ્ય સહકારી તરીકે નિમિત્ત છે. વીતરાગ સ્વસંવદેનવંત જ્ઞાનીઓ–સંતો આમ કહે છે. આ બધાં દ્રવ્યો સ્વયં પોતાના સ્વરૂપે પરિણમેલાં છે, તારે તો માત્ર જ્ઞાનમાં જ્ઞેય તરીકે છે. તારે તેને બનાવવાના નથી. એ દ્રવ્યો પોતાની મેળે જુદાં જુદાં રૂપે પરિણમે છે.

ભાવાર્થ :—પુદ્‌ગલદ્રવ્યના છ ભેદ છે તે આ પ્રકારે છે. બાદર બાદર ૧, બાદર ૨, બાદરસૂક્ષ્મ, ૩, સૂક્ષ્મબાદર ૪, સૂક્ષ્મ ૫, સૂક્ષ્મ સૂક્ષ્મ ૬ પત્થર, લાંકડાં, તૃણ આદિ પુદ્‌ગલ બાદર બાદર પ્રકારના છે. દા.ત. લાડવો–તેને બનાવનાર કે તોડીને ખાનાર તું નથી. તું તો લાડવો બન્યો છે અને તૂટે છે તે સર્વને માત્ર જાણનાર છો. તારાથી તે પરિણમ્યા નથી, બીજા કોઈથી પણ પરિણમતા નથી. પુદ્‌ગલ સ્વયં એરૂપે પરિણમે છે, તું તો જાણનાર છો. તું લાકડાંના ટૂકડા કર એવો તારો સ્વભાવ નથી અને તારાથી ટૂકડા થાય એવો તેનો સ્વભાવ નથી. બાદર બાદર પ્રકારના પુદ્‌ગલોનો

(અનુસંધાન માટે જુઓ પાનું ૨૦)

# ❃ જ્ઞાનીની અંતર-દશા ❃

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૬૪)

આ, શ્રી નાટક સમયસારશાસ્ત્રમાં આસ્રવ અધિકાર છે.

શુદ્ધ આનંદકંદથી વિપરીત જે કાંઈ અજ્ઞાન, કષાય, શુભ અને અશુભ પરિણામ છે તે બધાં આસ્રવ છે. અજ્ઞાનીને અનાદિથી નિરંતર આવા પરિણામ થયા કરે છે. આ આસ્રવ જ જીવને નવા બંધનું કારણ થાય છે.

જ્ઞાનીને તો નિજ સ્વભાવનું જ્ઞાન હોવાથી કષાયમાં એકત્વ થતું નથી તેથી તેમને તો આસ્રવ થતાં જ નથી પણ અજ્ઞાનીને નિજ શુદ્ધ અસ્તિત્ત્વનું ભાન નથી અને શરીર, રાગ-દ્વેષાદિના અસ્તિત્વને જ પાતાનું સ્વરૂપ માને છે તેથી તેને મિથ્યાત્વભાવ વડે ઘણાં આવરણ થાય છે.

અહીં પાંચમાં આસ્રવ અધિકારના સારમાં ધર્મીને આસ્રવ થતો નથી એમ કહેવામાં આવે છે. પાંચમી લીટી છે—સમ્યગ્જ્ઞાની અવ્રતી હોય તોપણ તેમને આસ્રવ થતો નથી. એનું કારણ એ છે કે અંતરંગમાં સમ્યગ્દર્શનનો ઉદય થવાથી તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ રાખતાં નથી અને વિષય આદિમાં તલ્લીન થતાં નથી.

ધર્મીને હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસના આદિનો ત્યાગ ન હોય (શ્રદ્ધામાં તો ત્યાગ હોય પણ સ્થિરતા—ચારિત્રમાં તેનો ત્યાગ ન હોય) છતાં તેને આસ્રવ નથી એમ કહેવામાં આવે છે.

શ્રોતા :—આસ્રવ નથી કે આસ્રવ નથી એમ કહેવામાં આવે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આસ્રવ નથી એમ કહેવામાં આવે છે કેમ કે ધર્મીને એકલું શુદ્ધ પરિણમન નથી, અશુદ્ધ પરિણમન પણ છે પરંતુ દૃષ્ટિના જોરમાં, શુદ્ધ પરિણમનવાળાને અશુદ્ધ પરિણમન નથી એમ કહેવામાં આવે છે કેમ કે દૃષ્ટિમાં તેને અવ્રતના પરિણામથી વિરક્તતા વર્તે છે. મારો આનંદ તો મારામાં છે, શરીરમાં, સ્ત્રી, કુટુંબ, પરિવારમાં કે ધનાદિમાં મારો આનંદ નથી. મારું સુખ પણ મારામાં છે, બહારમાં ક્યાંય નથી. મારું આખું સુખ તો એક સમયની પર્યાયમાં પણ નથી. પૂર્ણ સુખસાગર હું આત્મા છું.

સમ્યગ્દૃષ્ટિ થયો તે ભલે આઠ વર્ષનું બાળક હો કે સ્ત્રી હો કે દેડકો હો–પણ તેના ચૈતન્યસૂર્યમાં જાગૃતદશા થઈ ગઈ છે તેથી રાગ-દ્વેષાદિ શુભાશુભભાવોથી ભિન્ન પડીને સ્વભાવને અનુભવે છે. બહારથી ધર્મીજીવ રાજા હોય તો હજારો રાણીઓના વૃંદમાં બેઠેલો દેખાય પણ અંતરથી કોઈને તે 'મારા' માનતો નથી. વસ્તુતત્ત્વનો અનુભવ થયો છે તેથી સમ્યગ્દૃષ્ટિ સ્વભાવ સિવાય ક્યાંય મમત્વ કરતા નથી અને વિષયવાસનાનો વિકલ્પ તો આવે છે પણ તેમાં તલ્લીન થતાં નથી કેમ કે આત્માનો આનંદ અનુભવ્યો છે તેથી તેમાં ક્યાંય આનંદ આવતો નથી.

હું આત્મા, આનંદની મૂર્તિ છું એવું ભાન હોવાથી ધર્મીને શરીરાદિમાં અહમ્ નથી અને વિષયાદિમાં લીનતા નથી. આ ધર્મીનું રૂપ છે. બાહ્યથી કાંઈ ત્યાગ નથી પણ અંતરંગથી કોઈ વસ્તુમાં મમત્વ નથી. વિકલ્પ ઊઠે છે તેમાં પણ ધર્મી એકમેક નથી. વિકલ્પમાં એકતા થતી નથી અને સ્વરૂપમાંથી એકતા તૂટતી નથી એનું જ નામ ધર્મ છે.

જોકે બાહ્યદૃષ્ટિથી લોકોને જોવામાં મિથ્યાદૃષ્ટિજીવો અને અવ્રતી સમ્યગ્દૃષ્ટિઓના વિષયભોગ, પરિગ્રહ-સંગ્રહ આદિની પ્રવૃત્તિ એકસરખી દેખાય છે પરંતુ બંનેના પરિણામમાં મોટો ફેર છે. ધર્મીરાજા રાજ-પાટમાં બેઠો હોય, સૌની સાથે ખાતો-પીતો હોય, બધી ક્રિયા મિથ્યાદૃષ્ટિ જેવી કરતો હોય પણ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં ફેર ત્યાં પડે છે કે સમ્યગ્દૃષ્ટિ આત્મા સિવાય ક્યાંય આનંદ માનતો નથી, જ્યારે મિથ્યાદૃષ્ટિ શરીરમાં, આબરુંમાં, ધનમાં, અનુકૂળતામાં આનંદ માની લે છે. બિલાડી ઉંદરને પકડે અને પોતાના બચ્ચાને પકડે પણ પકડ—પકડમાં ફેર હોય છે, તેમ અજ્ઞાનીની અને જ્ઞાનીની ક્રિયા બહારથી સરખી દેખાતી હોવા છતાં પરિણામમાં મોટો ફેર છે. અજ્ઞાનીના પરિણામ જ્યાં હોય ત્યાં પકડાય જાય છે–ફસાય છે પણ ધર્મી ક્યાંય પકડાતાં નથી.

ઇન્દ્રાણીના વિષય અને સુખની બધી સામગ્રી હોય છતાં ધર્મી તેમાં પકડાતાં નથી. આ નહિ.....આ નહિ.....આ તો ઝેરની વાસનાનું નિમિત્ત છે, સુખનું કારણ નથી....નથી.....એમ તેનાથી ન્યારા રહે છે.

શ્રોતા :—તો ધર્મી રાગ કરે છે શું કામ ?

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી :—ધર્મી રાગ કરતાં નથી. કર્મના ઉદયવશ જોડાણ થાય છે પણ અંતરથી મીઠાશ ઉડી ગઈ છે. જોડાયા વગર સમાધાન થતું નથી તેથી એવા રાગના પરિણામ આવે છે પણ ધર્મી તેમાં તલ્લીન નથી.

૫૦ વર્ષ પહેલાં બોટાદમાં આવી ચર્ચા ચાલી હતી ત્યારે કહ્યું હતું કે શાસ્ત્રમાં પણ આવે છે કે નીચલા ગુણસ્થાનવર્તી ધર્મી ઉપરની ભાવના ભાવે છે કે ક્યારે હું સકળ પરિગ્રહ છોડીને, મુનિ થઈ આત્માની વીતરાગીદશાની સાધના સાધુ ! તેની પાસે વર્તમાનમાં અબજો રૂપિયા, સ્ત્રી, પુત્ર, પુત્રી, મકાન આદિ બધો પરિગ્રહ છે પણ ભાવના આવી ભાવે છે તો શું એની ભાવના ખોટી છે ? શું એ મૂરખ છે ? શું એ અત્યારે જ બધું છોડી દે તો ભાવના સાચી કહેવાય ! એમ ન હોય ભાઈ ! બહારથી ધર્મીના માપ ન થાય બાપુ ! પકડ-પકડમાં ફેર છે.

ભગવાન તારી જાત તો અનાદિ અનંત સત્ ચિદાનંદની જાત છે તેનો જેને વિશ્વાસ આવ્યો અને એક ક્ષણ અતીન્દ્રિયાનંદનો સ્વાદ આવ્યો તેને સમ્યગ્દૃષ્ટિ–ધર્મી કહેવામાં આવે છે, પછી તેની ક્રિયાઓ મિથ્યાદૃષ્ટિ જેવી હોય પણ અંતરથી એને ક્યાંય એકત્વ નથી. મિથ્યાદૃષ્ટિ કદાચિત બાહ્યથી બધુ ત્યાગી દે પણ અંદરમાં રાગની એકતાનો ત્યાગ નથી તો એ ત્યાગી નથી–પૂરો અત્યાગી છે.

એક સમ્યગ્દૃષ્ટિ અને એક મિથ્યાદૃષ્ટિ બંને ભાઈઓ હોય તો એક જ દુકાનમાં બંને કામ કરતાં હોય, બન્ને એક થાળીમાં જમતાં હોય પણ બંનેની અંતરશ્રદ્ધામાં મોટો ફેર છે. જેમ કોઈ વ્યક્તિ પોતાની માતાને જુએ અને સ્ત્રીને જુએ પણ જોવા-જોવામાં ઘણો ફેર હોય છે. આ તો મારી જનેતા છે, જેના પેટમાં હું સવાનવ મહિના રહ્યો છું....એમ નિર્દોષ પરિણામથી જુએ છે અને સ્ત્રીને તેના અંગ-ઉપાંગને જુદાં જ પરિણામથી જુએ છે, એમ પરિણામમાં મોટો ફેર હોય છે. તેમ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિના પરિણામમાં મોટો ફેર હોય છે. મિથ્યાદૃષ્ટિ જે શુભાશુભ ક્રિયા કરે તેની પાછળ ફળની અભિલાષા હોય છે, પરિણામમાં એકત્વબુદ્ધિ હોય છે, ક્રિયાના ફળમાં મને ઠીક પડશે એમ એ માને છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ક્રિયા તો કરે છે પણ તેના ફળની અભિલાષાથી શૂન્ય હોય છે. શુભ-અશુભ પરિણામ જ મારી ચીજ નથી તો તેના ફળમાં મળનારા સંયોગ મારા કેમ થાય ? તેનાથી મને લાભ ન હોય.

જ્ઞાની તો શુભાશુભક્રિયા કે તેના ફળના અભિલાષી નથી, જ્ઞાની તો જ્ઞાતા-દૃષ્ટા છે. જે ચીજને તે પોતાની માનતાં નથી તે ચીજ વધે, ટકે એવી તેને ભાવના કેમ હોય ! ધર્મીને તો આત્માનો પ્રેમ લાગ્યો છે તેથી આત્મામાં પરિણામ ટકે અને વધે એવી ભાવના હોય, સંયોગની ભાવના ધર્મીને ન હોય.

આમ હોવાથી અજ્ઞાનીની શુભાશુભક્રિયા આસ્રવનું કારણ છે અને જ્ઞાનીની શુભાશુભક્રિયા નિર્જરાનું કારણ છે. અજ્ઞાની શુભાશુભભાવ અને ક્રિયાને પોતાનું સ્વરૂપ

માનતો હોવાથી તેને નવા આવરણો આવે છે. જ્યારે જ્ઞાની તો જાણે છે કે હું તો જ્ઞાનસૂર્ય છું મારામાં રાગાદિ ભાવ હોય જ નહિ. તેથી જ્ઞાનીને નવા આવરણ આવતાં નથી. શુભાશુભ વિકલ્પ આવીને ખરી જાય છે. એકત્વ નથી, પૃથક્તા રાખીને થાય છે તેથી નવા કર્મ બંધાયા વિના જૂના કર્મ ખરી જાય છે.

નોઆખલીમાં બનેલા અત્યાચારના દ્રષ્ટાંતથી ધર્મીની એકતાબુદ્ધિ વિનાની ક્રિયા સમજાય તેમ છે. માતા અને પુત્રને, ભાઈ અને બેનને નગ્ન કરીને ભેગાં કરીને ભેગાં કરતાં....શરીર અડેલાં દેખાય છે પણ પરિણામમાં તો એમ છે કે જમીન મારગ આપે તો સમાય જઈએ. તેમ ધર્મી, અજ્ઞાની જેવી બધી ક્રિયા કરતાં દેખાય છે પણ ક્યાંય એકત્વબુદ્ધિ કે મીઠાસ નથી. મારા ચૈતન્ય ભગવાનના આનંદ પાસે આ રાગ તો ઝેર છે એમ ધર્મીને લાગે છે. શુભરાગ પણ ઝેર જેવો લાગે છે. શાંત અવિકારી સ્વભાવમાંથી બહાર આવીને જે કોઈ વૃત્તિ ઊઠે તે બધી જ્વાળા છે. જેને અવિકારી સ્વભાવનો અનુભવ થયો તેને એ અનુભવની અપેક્ષાએ આ રાગ જ્વાળા જેવો લાગે છે. જેને અનુભવ નથી તેને જ્વાળા ક્યાંથી લાગે ! એને તો એ ભાવ જ હું છું એમ લાગે છે તેથી તેમાં એકત્વ વર્તે છે.

જ્ઞાનીઓની ક્રિયા નિર્જરાનો હેતુ કેમ છે ?–કે જે પરિણામ આવે છે તેમાં જ્ઞાનીને એકતા નથી, મીઠાસ નથી, રુચિ નથી, પ્રેમ નથી તેથી એ પરિણામ ચાલ્યા જાય છે–ખરી જાય છે. વિકલ્પમાં એકત્વની ગાંઠ તૂટી ગઈ છે તે ગાંઠને કોણ જોડે ? રાગની વૃત્તિ મારી ચીજમાં ત્રણકાળમાં હતી નહિ, છે નહિ, મારી થવાની નથી–તેને હું 'મારી' કેમ માનું ?

અજ્ઞાનીએ તો નિજઘર જોયા નથી તેથી પુણ્ય–પાપમાં એકત્વ થયા વગર રહેતું નથી. જ્યાં એકત્વ માન્યું છે ત્યાં પ્રેમ થયા વગર રહેતો નથી.

સ્વરૂપનું ભાન અને રાગથી ઉદાસીનતારૂપ જ્ઞાન અને વૈરાગ્યની એવી મહિમા છે કે તેને પરિણામ થવાં છતાં આસ્રવ થતો નથી. અખંડ અભેદ નિજ વસ્તુની અસ્તિની પ્રતીતિ તે જ્ઞાન છે અને રાગની નાસ્તિ તે વૈરાગ્ય છે. બીજો કોઈ વૈરાગ્ય નથી. પુણ્ય–પાપના વિકલ્પના અભાવરૂપ પરિણમન તે વૈરાગ્ય છે.

જેવી રીતે રોગી અભિરુચિ ન હોવા છતાં પણ ઔષધિનું સેવન કરે છે, કડવી કડવી ઝેર જેવી ઔષધિ પાણીની માફક પી જાય છે, કમળાના રોગમાં તો એવી ઔષધિ આવે કે કૂતરાની વિષ્ટા જેવી ગંધ મારતી હોય તોપણ પીએ છે. રુચિ તો જરાય નથી પણ રોગ થયો છે તેથી પીવી પડે છે, પીવાનો ભાવ જરાય નથી, તેમ

જ્ઞાનીઓને ઉદયથી બળજોરીવશ શુભાશુભ પરિણામમાં જોડાવું પડે છે પણ પ્રેમ જરાય નથી. આ તો અંતરની વાતો છે. અંતરમાં આત્મા સિવાય ક્યાંય ચેન પડતું નથી પણ પરિણામ એવા આવે છે કે કોઈ રીતે સમાધાન થાય એ માટે જોડાય છે એમ પણ કહેવાય. રુચિ નથી તેથી ખરેખર જોડાતાં જ નથી. નબળાઈ અનુસાર પરિણામ આવે છે તેનું નામ કર્મમાં જોડાણ થયું કહેવાય. રસ નથી, મજા પડતી નથી છતાં ભોગવે છે એમ દેખાય છે તેથી કહેવાય છે કે ધર્મી ભોગ ભોગવે છે.

ઉદયની બળજોરી એટલે પોતાના પુરુષાર્થની નબળાઈ છે અને રાગનો પુરુષાર્થ વધી ગયો છે પણ રાગનો રસ જરાય નથી રુંવાટે રુંવાટેથી રાગનો રસ ઊડી ગયો છે છતાં રાગ આવે છે તેથી ધર્મી ભોગવતાં દેખાય છે પણ અંતરમાં મોટો આંતરો છે. ઘણાં શોખથી શરબત, મુરબ્બા આદિ ચાખે છે તેમાં અને રોગી દવા ખાય છે તેના રસમાં કેવો મોટો ફેર છે તેવો ફેર ધર્મી-અધર્મીના પરિણામમાં છે. અજ્ઞાની મોજ માટે ગૃદ્ધિપૂર્વક ભોગ ભોગવે છે અને જ્ઞાની ઉદયની બળજોરીવશ રુચિ વગર ભોગ ભોગવે છે.

આસ્રવનું થવું તેરમા ગુણસ્થાન સુધી યોગોની પ્રવૃત્તિ હોવાથી રહે છે, સર્વજ્ઞ થાય તોપણ થોડો આસ્રવ રહે છે અને ચોથા ગુણસ્થાને તો સીત્તેર પ્રકૃતિઓનો બંધ કહ્યો છે. આત્માનું જ્ઞાન થાય, આત્માના આનંદનો અનુભવ થાય છતાં સીત્તેર પ્રકૃતિ તો બંધાય છે છતાં અહીં જ્ઞાનીને નિરાસ્રવ કહ્યાં તેમાં અભિપ્રાય એ છે કે અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ અને તેની સાથે અનુબંધ કરનારી અનંતાનુબંધી ચોકડીનો ઉદય સમ્યકત્વની દશામાં રહેતો નથી તેથી તે સંબંધી કર્મનો બંધ પડતો નથી તેની મુખ્યતાથી જ્ઞાનીને નિરાસ્રવ કહ્યાં છે.

રાગની એકતાબુદ્ધિ એ મહામિથ્યાત્વ અને મહાપાપ છે. આ અધિકારના ૯ મા કળશમાં આ વાત આવી હતી–रागादियोगमुपयान्ति विमुक्त बोधाः। આત્માનું ભાન જેને થયું તેને રાગનો યોગ હોવા છતાં રાગ સાથે એકતા નથી અને અજ્ઞાનીને બાહ્યત્યાગ હોવા છતાં અંદરમાં રાગ સાથે એકતા છે. રાગમાં એકતા માનનારો મિથ્યાદૃષ્ટિ છે અને રાગમાં એકત્વબુદ્ધિને તોડે છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ છે. ચારિત્રનો દોષ અનંત સંસારનું કારણ નથી, તે મૂળ સંસાર પણ નથી. મૂળ સંસાર મિથ્યાત્વ જ છે. પૂર્ણાનંદના નાથનો સ્વીકાર નહિ અને શુભા-શુભ ભાવો તે જ હું એવો સ્વીકાર છે તે ખરેખર સંસાર છે. સ્ત્રી, પુત્ર, પરિવાર એ સંસાર નથી પણ તેમાં રાગની એકતા કરે છે તે સંસાર

છે. એક દીકરો હોય કે છ દીકરા હોય પણ તેમાં રાગની એકતા કરીને બેઠો છે એ એકતા તે જ મિથ્યાત્વરૂપ સંસાર છે. સંયોગને છોડવાથી મિથ્યાત્વ છૂટતું નથી કેમ કે સંયોગ તો કાંઈ પોતાની અંદર ઘૂસી ગયો ન હતો, મૂળ તો તેમાં એકતા કરી છે તે એકતાબુદ્ધિ છોડવાની છે.

મિથ્યાત્વ છોડવાનો ઉપદેશ તો આપે નહિ અને ઘર-બાર છોડી દ્યો—તેના ઉપર દ્વેષ કરો એવો ઉપદેશ આપે છે તે અજ્ઞાની છે. બધું છોડી દે પણ મિથ્યાત્વ લઈને બેઠો છે તે મોટો સંસાર લઈને બેઠો છે.

બાહ્યચીજ તો મારામાં નથી પણ ઉદયભાવ પણ મારામાં નથી એમ તેનાથી પૃથક્ પડે ત્યારે મિથ્યાત્વ છૂટ્યું કહેવાય. ઉદયભાવ તે સંસાર છે તેને છોડ્યા વિના સંસાર છૂટતો નથી. બહારથી બાવો તો અનંતવાર થયો, સાધુ થયો, નગ્ન દિગંબર મુનિ થયો, એક લંગોટી પણ ન રાખી, પરંતુ અંદરમાં ઉદયભાવની એકતાબુદ્ધિ ન તોડી તેને સંસાર ઊભો જ રહ્યો. જેનાથી પૃથક્ થવાનું છે તેનાથી પૃથક્ થતો અને બીજાથી તો પૃથક્ છે જ, તેનાથી પૃથક્ થવાની માન્યતા જ મિથ્યાત્વ છે.

શરીરાદિમાં હુંપણું, સ્ત્રી, પુત્ર, મકાન, ધનાદિમાં મારાપણું અને રાગાદિભાવોમાં મીઠાશ....એવો જે અંદરનો મિથ્યાત્વભાવ છે–વિપરીત શ્રદ્ધાન છે તે મૂળ સંસાર છે. તેનો જેણે નાશ કર્યો તેને મિથ્યાત્વની સાથે અનુબંધ કરનારી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભની પ્રકૃતિનો આસ્રવ થતો નથી–સંવર રહે છે. કુલ મળીને એકતાલીસ પ્રકૃતિઓનો ધર્મીને સંવર રહે છે. ધર્મીનું સ્વજ્ઞેય આત્મા છે, રાગાદિ એ જ્ઞાનીનું સ્વજ્ઞેય નથી કેમ કે ધર્મીની દૃષ્ટિ રાગથી ઊઠીને આનંદ ઉપર પડી છે. તેથી ધર્મીની ક્રિયા અજ્ઞાની જેવી દેખાતી હોવા છતાં મિથ્યાત્વ સંબંધી એકતાલીસ પ્રકૃતિનો સંવર છે—તેથી બંધ પડતો નથી. ધર્મી કદાચિત્ લડાઈમાં ઊભો હોય તો ત્યારે પણ ૪૧ પ્રકૃતિનો સંવર છે અને અજ્ઞાની ધ્યાનમાં બેઠો હોય પણ વિકલ્પની સાથે એકત્વ છે તેથી પૂરી પ્રકૃતિનો આસ્રવ અને બંધ થાય છે. સંયોગ છોડીને વનમાં ગયો હોય પણ સંયોગીભાવમાં એકતા રાખી છે તો એ ધર્મનો ત્યાગી છે અને રાગનો ભોગી છે. જ્યારે ધર્મીને રાગ થવા છતાં રાગનો ત્યાગ છે એવા પરિણામને કારણે તેને ૪૧ પ્રકૃતિનો બંધ નથી. વળી બાકીની પ્રકૃતિઓનો પણ બહુ જ અલ્પ અનુભાગ અને અલ્પ સ્થિતિવાળો બંધ પડે છે.

આઠ પ્રકારના કર્મ છે તેની ૧૪૮ પ્રકૃતિ છે–પેટાભેદ છે તેમાંથી સમકિતીને જેટલી પ્રકૃતિનો બંધ થાય છે તે બહુ ઓછી સ્થિતિ અને થોડા રસવાળો બંધ થાય

છે અને વળી (પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનથી તો) ગુણશ્રેણી નિર્જરા શરૂ થઈ જાય છે. ગુણશ્રેણી એટલે શુદ્ધ પરિણતિની ધારા શરૂ થઈ ગઈ. ડુંગરમાંથી જેમ પાણી ઝરે તેમ દ્રવ્યમાંથી શુદ્ધતા ઝરે છે તે શુદ્ધતા કોઈ સમયે બંધ રહેતી નથી. તેથી અજ્ઞાનીના સિત્તેર ક્રોડાક્રોડી સાગરપ્રમાણ અને તીવ્રતમ અનુભાગની સામે જ્ઞાનીનો આ બંધ કોઈ ગણતરીમાં નથી, તેથી જ્ઞાનીઓને નિરાસ્રવ કહ્યાં છે.

ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ છે તેની સાથે રાગના નાનામાં નાના અંશને પણ એકત્વ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિને વધુમાં વધુ ૭૦ ક્રોડાક્રોડી સાગર સુધી ફળ આવે એવી લાંબી સ્થિતિવાળા કર્મ બંધાય છે તેની પાસે જ્ઞાનીના અલ્પ સ્થિતિ, અલ્પ રસવાળા કર્મબંધનની કાંઈ કિંમત નથી. આવું મિથ્યાત્વનું અને સમકિતનું માહાત્મય છે. મિથ્યાત્વ અને સમકિતનો આંતરો પકડ્યા વગર તે નહિ સમજાય.

શ્રોતા :—આ વકીલાત આદિનો ધંધો છોડીને અહીં બેઠા તેની કાંઈ કિંમત નહિ ! બધું પાણીમાં ગયું ?

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી :—એણે ધંધો કદી કર્યો જ નથી. માનતો હતો કે હું ધંધો કરું છું. કર્તાબુદ્ધિના ભાવનો ત્યાગ સ્વભાવના આશ્રય વિના થતો નથી.

લોકોને આ એકાંત જેવું લાગે પણ એક સ્વભાવનો આશ્રય તે જ ધર્મ છે. આ એકાંત છે-તે સાચું છે. અબંધસ્વભાવી ભગવાન આત્મા રાગથી બંધાયેલો જ નથી છતાં તેને રાગથી બંધાયેલો માને છે તેથી મિથ્યાદૃષ્ટિને ૭૦ ક્રોડાક્રોડી જેટલી લાંબી સ્થિતિનો બંધ પડે છે અને રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં રાગનો અભાવ થઈને પરિણમન થયું તેને અલ્પ રાગાદિ હોય છે. તેનો અલ્પ સ્થિતિરસવાળા કર્મનો બંધ પડે છે તેની કાંઈ ગણતરી નથી.

વાસ્તવમાં મિથ્યાત્વ જ આસ્રવ છે. વીતરાગમૂર્તિ આત્મામાં વિકલ્પની એકતા માનવી તે જ ખરો આસ્રવ એટલે કે નવા બંધનું કારણ છે. દયા, દાન, વ્રત, ભક્તિ કરીને ધર્મ મનાવે છે તેને પણ રાગમાં એકત્વ હોવાથી મિથ્યાત્વ છે, તે અંનત સંસારનું કારણ છે. સમકિતનો ઉદય થતાં મિથ્યાત્વ રહેતું નથી. તેથી આસ્રવ નથી.

આસ્રવ વિભાવ પરિણતિ છે. અશુભભાવ તો વિભાવ છે જ પણ દયા, દાન, અણુવ્રત, મહાવ્રતાદિના શુભભાવ પણ વિભાવ જ છે તેને ધર્મ કહેનારાઓએ જગતને વગર મોતે મારી નાખ્યું છે. નિશ્ચયધર્મ પ્રગટ થયો હોય તેને રાગની મંદતામાં વ્યવહારધર્મનો આરોપ આવે છે. ખરેખર તો પુણ્યબંધનું જ કારણ છે પણ ધર્મનો

આરોપ અપાય છે. જેને નિશ્ચયધર્મ પ્રગટ્યો નથી તેના મંદરાગને વ્યવહારધર્મનો આરોપ નથી.

વિભાવ પરિણતિ કર્મના લક્ષે થતી હોવાથી તેને પુદ્‌ગલમય અથવા પુદ્‌ગલજનિત કહેવાય છે—આત્મજનિત નથી. આત્માની ખાણમાં રાગ નિજસ્વભાવ નથી એમ જાણીને જ્ઞાનીઓ પોતાના સ્વરૂપમાં વિશ્રામ લે છે. જ્ઞાનીને ફરી ફરીને સ્વરૂપમાં ઠરવાની જ ભાવના છે, રાગ કરવાની ભાવના નથી એમ કહેવું છે.

પહેલાં તો, ભગવાનની ભક્તિ એ રાગ છે એમ માનવું જ મુશ્કેલ પડે છે. અમારે ક્યાં રાગ જોઈએ છે ! અમારે તો વીતરાગતા જોઈએ છે માટે ભક્તિમાં રાગ નથી એમ જૂનાગઢમાં વર્ષો પહેલાં પ્રશ્ન પણ થયેલો. પણ ભાઈ ! શાંતસમુદ્ર ભગવાન આત્મા વિકલ્પમાં આવે છે તે કષાય છે. ભગવાનની ભક્તિનો વિકલ્પ છે તે પોતે રાગસ્વરૂપ જ છે.

જ્ઞાની તો અતુલ, અખંડ, અવિચળ, અવિનાશી, ચિદાનંદરૂપ સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે.

આત્માની વાત કદી સાંભળી ન હોય તેને તો એમ થાય કે 'આત્મા' વળી શું હશે ! ભાઈ ! બહારની સામાન્ય શીખંડ, બરફી આદિ વસ્તુમાં પણ તેને મહિમા આવી જાય છે તો આ તો એક મહાપદાર્થ છે. આત્મા અતીન્દ્રિય આનંદરસથી ભરેલો છે તેનું ભાન થાય તે જીવ તો અતીન્દ્રિયાનંદનો જ રસિયો થઈ જાય. રાગનો રસ એને ઊભો ન રહે—રસ છૂટી જાય.

આત્મા અતુલ છે—તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. અખંડ વસ્તુ છે—મહાપદાર્થ છે. તે પોતાના સ્વભાવથી કદી ચળ્યો નથી માટે અવિચળ છે. એવો અવિચળ છે કે કદી રાગમાં કે પર્યાયમાં આવ્યો નથી. વળી અવિનાશી—નાશ ન થાય એવું તત્ત્વ છે. ચિદાનંદરૂપ છે એટલે કે જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. આવા આત્મામાં એકાગ્ર થઈને ધર્મી પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાનાદિને નિર્મળ કરે છે. આવા ધર્મીને આસ્રવ હોતો નથી, ધર્મ હોય છે, નિર્જરા હોય છે.

[ક્રમશઃ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ, ધર્મધ્યાનનો અધિકાર છે. ધર્મ શો છે તે બતાવે છે. સ્વભાવનું ભાન થયા પછી આ ધ્યાન હોય છે. આત્માનું જ્ઞાન થયા પછી એકાગ્ર થાય તેને ધર્મધ્યાન કહે છે. દયા દાનાદિ શુભભાવ અને હિંસાદિ અશુભ ભાવમાં એકાગ્રતા તે સંસારનું કારણ છે. પુણ્ય-પાપ રહિત આત્મામાં એકાગ્રતા કરવી તે ધર્મ ધ્યાન છે. તે ધર્મ ધ્યાનના ચાર ભેદમાં પદસ્થ ધ્યાનની વાત આવી ગઈ. હવે પિંડસ્થ ધ્યાનન વાત કરે છે.

પિંડસ્થ ધ્યાન :—વળી પિંડ નામ શરીરનું છે. તેમાં રહેલો આત્મા સિદ્ધ સમાન છે એમ ચિંતવન કરવું તે પિંડસ્થ ધ્યાન છે. સંસાર દશામાં શરીર દીઠ પ્રત્યેક આત્મા ભિન્ન ભિન્ન રહેલો છે. બધા થઈને એક આત્મા માને તેને ધ્યાન હોઈ શકે નહિ. દરેકનું શરીર ભિન્ન ભિન્ન છે. તેમાં રહેલો આત્મા શરીરથી જુદો છે તેમ નક્કી કરવું જોઈએ. તે આત્માને સિદ્ધ સમાન ચિંતવવો. કેવા છે સિદ્ધ ભગવાન ? જેટલા સિદ્ધ થાય તે પુરુષના આકારે હોય છે. કોઈ સ્ત્રી આકારે હોય નહિ, કારણ કે સ્ત્રીપર્યાયમાં મુક્તિ હોતી નથી. સ્ત્રીની પર્યાય જેને હોય છે તે આત્માનું વીર્ય મંદ હોય છે. સ્ત્રી મુનિ થઈ શકે નહિ તો પછી કેવળજ્ઞાન પામી સિદ્ધ થાય તેમ બને નહિ. મલ્લીનાથ ભગવાન સ્ત્રી હતા ને સ્ત્રી દેહે મુક્તિ પામ્યા એમ શ્વેતાંબરો કહે છે તે વાત ખોટી છે. સ્ત્રી પાંચમાં ગુણસ્થાન ઉપર જઈ શકે નહિ. વળી મલ્લીનાથ સ્ત્રી હતા તો મલ્લીનાથ ભગવાનની પ્રતિમા સ્ત્રીના આકારવાળી કેમ નથી ? મલ્લીનાથ ભગવાનની પ્રતિમા તો પુરુષની છે. વળી તીર્થંકરને પૂજનાર ઈન્દ્રો, ચક્રવર્તી આદિ પુરુષો હોય ને તેમનાથી પૂજ્ય એવા તીર્થંકર સ્ત્રી દેહે હોય એમ કદી બને નહિ. શ્વેતામ્બરો તેને અચ્છેરું કહે છે પણ અસંભવિત વસ્તુને અચ્છેરું કહેવાય નહિ. લીંબડાને દૂધ ને દ્રાક્ષનાં પાણી પાવામાં આવે તોપણ કદી કેરી ન પાકે. ઈશ્વર કે કોઈ માણસ એવો ફેરફાર કરી શકે નહિ. ઘઉંમાંથી બાજરો ન થાય. જેમ ચેતનની પર્યાય જડ થાય નહિ તેમ જે જેની જાત હોય તે ફેર નહિ, સ્ત્રીના શરીરમાંથી વાંદરું જન્મે નહિ પણ મનુષ્ય જન્મે, તેમ કેવળજ્ઞાન પુરુષની પર્યાયમાં થાય છે માટે અહીં પુરુષાકાર શબ્દ વાપરેલ છે.

વળી કેટલાક જીવો સિદ્ધને આકાર વિનાના એટલે કે નિરાકાર કહે છે. તે પણ ખોટા છે. સિદ્ધને જડનો આકાર નથી એ અપેક્ષાએ નિરાકાર કહેવાય પણ પોતાનો

આકાર તો છે જ, આત્માના ભાન પૂર્વક સ્થિરતા કરી સિદ્ધ દશા થાય ત્યારે છેલ્લા દેહ પ્રમાણે સિદ્ધને આકાર હોય છે. અરૂપી આત્માને અરૂપી આકાર હોય છે. કાશી ઘાટના લોટામાં પાણી ભર્યું હોય તો પાણીનો આકાર લોટાના આકારે હોય છે. તેમ આ શરીર કાશી ઘાટના લોટાના આકારે છે. ચિદાનંદ આત્માનો આકાર શરીરથી ભિન્ન છે ને તે પોતાના કારણે છે. જો આકાર અથવા ક્ષેત્ર ન હોય તો વસ્તુ કેવી? દરેક વસ્તુમાં પ્રદેશત્વ નામનો ગુણ છે. તેના કારણે તેનો આકાર સમયે સમયે થાય છે, તેમ સિદ્ધમાં પણ પ્રદેશત્વ ગુણના કારણે છેલ્લા પુરુષ શરીર પ્રમાણે પોતાનો અરૂપી આકાર હોયછે.

વળી સિદ્ધ અમૂર્તિક છે, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાના છે તથા અનંત જ્ઞાન દર્શન સુખને વીર્ય યુક્ત છે. જે શક્તિઓ અંદર પડી છે તે પૂર્ણદશામાં વ્યક્તરૂપે થઈ છે. જેમ લીંડી પીપર ૬૪ પહોરી થાય છે ને તેની તીખાશ, લીલાશ ને સુંવાળપ પ્રગટે તે અંદરમાં સ્પર્શ, રસ, વર્ણ આદિ ગુણો અથવા શક્તિઓ છે તેમાંથી વ્યક્ત થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. તેવી રીતે આત્મામાં જ્ઞાન દર્શન વીર્ય આનંદાદિ શક્તિ ભરેલી છે તેની પ્રતીત જ્ઞાન ને સ્થિરતા કરવાથી કેવળજ્ઞાનાદિ પ્રગટે છે.

આ પ્રમાણે સિદ્ધ ભગવાન પુરુષાકાર, અમૂર્તિક, અનંતચતુષ્ટય યુક્ત છે. આવા દેહ-મુક્ત ભગવાન જેવો જ હું છું એમ ચિંતવન કરવું તે પિંડસ્થ ધર્મધ્યાન છે. જ્ઞાન દર્શન વીર્ય ને ચારિત્રમય સ્વભાવસન્મુખ એકાગ્રતા કરવી તે મુક્તિ નો ઉપાય છે.

(૩) રૂપસ્થ ધ્યાન :—અર્હન્તના સ્વરૂપનો વિચાર કરી એવો સંકલ્પ પોતાના આત્માના સંબંધમાં કરીને પોતાને ધ્યાવે તે રૂપસ્થ ધ્યાન છે. કેવા છે અર્હન્ત ભગવાન? સમવસરણમાં સ્થિત અર્હન્ત ભગવાન પણ પ્રથમ સંસાર દશામાં હતા, તેમણે આત્માનું ભાન કરી સ્વભાવમાં સ્થિરતા દ્વારા રાગ-દ્વેષનો નાશ કરી જ્ઞાનાવરણીય, દર્શના વરણીય, મોહનીય ને અંતરાય એમ ચાર ઘાતી કર્મોનો નાશ કરી અનંત ચતુષ્ટય પ્રગટ કર્યાં છે. શરીર ને આયુ છે ત્યાં સુધી અર્હન્ત કહેવાય છે. શરીર ને આયુ છૂટી ગયા પછી સિદ્ધ કહેવાય છે. તીર્થંકર ભગવાનને સમવસરણ હોય છે, ત્યાં સોનાના માનસ્તંભને સ્ફટિકના ગઢ હોય છે. ભગવાન સમવસરણમાં અદ્ધર બિરાજે છે. ઇન્દ્રો, દેવો, મનુષ્યો, તિર્યંચો વગેરે ભગવાનની વાણી સાંભળવા આવે છે. વળી ભગવાનને ચોંત્રીશ અતિશય હોય છે એટલે કે પુણ્યની વિશેષતા હોય છે. તેમની સભામાં ઉંદર ને બિલાડી, સિંહ અને હરણ વૈરભાવ ભૂલી જાય છે, તેવી તે જીવોની પણ યોગ્યતા છે ને તેમાં ભગવાનનાં પુણ્યનું નિમિત્ત છે. શરીર સ્ફટિક જેવું પરમ ઔદારિક હોય છે. વળી તેઓ આઠ પ્રાતિહાર્ય સહિત છે. દેવો ચામર ઢાળે છે, દેવદુંદુભી વાગે છે, આકાશમાંથી

પુષ્પવૃષ્ટિ થાય છે, ભગવાનને દિવ્યધ્વનિ હોય છે, તેમને અક્ષરી ક્રમસર ભાષા ન હોય, ઈચ્છા વિના અનક્ષરી ૐ ધ્વનિ આખા શરીરેથી નીકળે છે, સવારે, બપોરે ને સાંજે છ છ ઘડી ધ્વનિ છૂટે છે. મનુષ્ય, તિર્યંચાદિ પોતપોતાની ભાષામાં સમજી જાય છે. તે ધ્વનિમાં દરેક સમયે બાર અંગનું પૂરું જ્ઞાન આવી જાય છે, તેવા ૐ ની અત્રે (સોનગઢમાં) સ્થાપના કરવામાં આવી છે.

વળી ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ સહિત છે. રાગ રહિત અમૃતદશાનો અનુભવ કરી રહ્યા છે. ચક્રવર્તી-દેવો વગેરેનાં સુખ ઝેર જેવાં છે, તેમાં તો રાગ છે. ભગવાન તો રાગ રહિત અમૃતદશાનો અનુભવ કરે છે. વળી ભગવાન સો ઈન્દ્રથી પૂજ્ય છે, ચક્રવર્તી, ઈન્દ્રાદિ મહા પુણ્યશાળી જીવો પ્રશ્ન પૂછે તો ઈચ્છા વિના તેનો જવાબ ભગવાનની વાણીમાં આવી જાય છે. શ્વેતામ્બર સંપ્રદાયમાં કહે છે કે કોઈ સાધારણ બાઈએ પ્રશ્ન પૂછ્યા ને જવાબ મળ્યો તો તે વાત ખોટી છે. સાધારણ માણસ પ્રશ્ન પૂછી શકે નહિ.

વળી શ્વેતામ્બર સંપ્રદાય કહે છે કે સમવસરણમાં આંધળો માણસ જાય છે તો તે વાત પણ બરાબર નથી. સમવસરણમાં આંધળો જાય તો દેખતો થાય, લૂલો હોય ને જાય તો સાજો થાય. રોગીને રોગ મટે તેવી તેની યોગ્યતા છે ને ભગવાનનાં પુણ્યનું નિમિત્તપણું છે.

વળી ગોશાળાએ તેજુ લેશ્યા મૂકીને સાધુને સમવસરણમાં બાળી મૂક્યો તે વાત પણ સાચી નથી. ભગવાનના સમવસરણમાં એમ બની શકે નહિ.

વળી અર્હન્ત ભગવાનને પરમ ઔદારિક શરીર હોય છે, શરીર છૂટતાં કપુરની ગોટીની જેમ વિખરાઈ જાય છે, પછી દેવો કૃત્રિમ પૂતળું બનાવી અગ્નિસંસ્કાર કરે છે. અર્હન્તના શરીરમાં રોગ ન હોય, ક્ષુધા-તૃષા ન હોય.

આમ, અર્હન્તના સ્વરૂપનો ખ્યાલ કરવો જોઈએ. જગતમાં છ દ્રવ્યો ને નવ તત્ત્વો કહેનાર આપ્ત પુરુષ કેવા હોય તેના સ્વરૂપની પણ ખબર ન હોય તે ધ્યાન કરી શકે નહિ. અર્હન્ત ભગવાનના સ્વરૂપનો વિચાર કરી એવો જ સંકલ્પ પોતાના આત્માના સંબંધમાં કરીને પોતાને ધ્યાવે તે રૂપસ્થ ધ્યાન છે.

(૪) રૂપાતીત ધ્યાન :—હવે સિદ્ધ ભગવાનના સ્વરૂપનો વિચાર કરી પોતાના આત્માને તેવો ચિંતવવો તે રૂપાતીત ધ્યાન છે. સિદ્ધ ભગવાન શરીર રહિત છે તે દેહ-મુક્ત થયા છે, તેમને અતિશય હોતા નથી. હું ધ્યાતા છું, સિદ્ધદશા ધ્યેય છે, એકાગ્ર થવું તે ધ્યાન છે---એવા ભેદો અને વિકલ્પો રહિત સિદ્ધ ભગવાન છે.

પરમાત્મસ્વરૂપમાં તલ્લીનતાને પ્રાપ્ત થાય તે રૂપાતીત ધ્યાન છે. આવું ધ્યાન સાતમા ગુણસ્થાનમાં હોય છે ત્યારે મુનિ શ્રેણી માંડે છે તથા આ ધ્યાન વ્યક્ત રાગ સહિત ચોથા ગુણસ્થાનથી માંડી સાતમા ગુણસ્થાન સુધી અનેકભેદરૂપ પ્રવર્તે છે.

હવે ધર્મધ્યાનથી ઊંચું શુકલ ધ્યાન હોય છે. ઉપશમ શ્રેણીવાળાને સાધારણ હોય છે ને ક્ષપક શ્રેણીવાળાને ઊંચું હોય છે.

जत्थ गुणा सुविसुद्धा उवसमखमणं च जत्थ कम्माणं ।
लेसा वि जत्थ सुक्का तं सुक्कं भण्णदे झाणं ॥४८३॥

અર્થ :—જ્યાં વક્ત કષાયના અનુભવ રહિત ભલા પ્રકારથી જ્ઞાનોપયોગાદિ ગુણો વિશુદ્ધ-ઉજવલ હોય, કર્મોનો જ્યાં ઉપશમ કે ક્ષય હોય તથા જ્યાં લેશ્યા પણ શુકલ જ હોય તેને શુકલ ધ્યાન કહે છે.

જેમ મેડી ચડવા માટે ચૌદ પગથિયાંની સીડી હોય તેમ સિદ્ધદશા થવા માટે ચૌદ શ્રેણી હોય છે તથા આઠમી શ્રેણીમાં અથવા ગુણસ્થાનમાં શુકલધ્યાનની શરૂઆત થાય છે. ત્યાં વ્યક્ત કષાય નથી પણ અવ્યક્ત કષાય છે. અલ્પ રાગ છે પણ તેનો મુખ્યપણે અનુભવ નથી. તે ગુણસ્થાનમાં જ્ઞાનને શુદ્ધ ચૈતન્યમાં જોડી દીધું છે તેને શુકલ ધ્યાન કહે છે. આ ધ્યાન આ કાળે આ ક્ષેત્રે હોતું નથી. મહાવિદેહમાં હોય છે.

જેમ પાણીમાં મેલ નીચે બેસી ગયો હોય ને ઉપર પાણી સ્વચ્છ હોય છે તેમ આત્મામાં પુરુષાર્થ દ્વારા કર્મોના ઉપશમ સહિત શ્રેણી માંડે તેને ઉપશમ શ્રેણી કહેવાય છે ને ઉગ્ર પુરુષાર્થ દ્વારા સર્વથા કર્મોના ક્ષય સહિત શ્રેણી માંડે તેને ક્ષપક શ્રેણી કહે છે. તેવી શ્રેણી કે જ્યાં શુકલ લેશ્યાના પરિણામ હોય છે તેને શુકલ ધ્યાન કહે છે. લેશ્યા છ પ્રકારે હોય છે. તેના દ્રષ્ટાંત :—કેરી ખાવા માટે ઝાડને મૂળમાંથી કાપવાનો ભાવ કરે તે કૃષ્ણ લેશ્યા; મોટી ડાળ કાપવાના ભાવ કરે તે નીલ લેશ્યા; નાની ડાળ કાપવાના ભાવ કરે તે કાપોત લેશ્યા; લૂમખાં કાપવાનાં ભાવ કરે તે પીત લેશ્યા; ડીંટિથી તોડી લેવાના ભાવ કરે તે પદ્મ લેશ્યા ને નીચે પડેલી કેરીથી સંતોષ માની લે તે શુકલ લેશ્યાના પરિણામ સમજવા. અહીં કેરી ખાવાના ભાવ તો અશુભ છે પણ અશુભ ને શુભ પરિણામની તારતમ્યતા બતાવવા દૃષ્ટાંત સમજવાં. એક કામ કરવામાં છ પ્રકારના પરિણામ હોય છે. કોઈને તીવ્ર લોહવાટિયા ભાવ હોય ને કોઈને મંદ હોય એમ સમજી લેવું. અહીં શુકલ લેશ્યાના પરિણામ ઘણા ઉજળા પરિણામ શુકલ ધ્યાન સાથે હોય છે એમ સમજવું.

ભાવાર્થ :—આ, સામાન્યપણે શુકલ ધ્યાનનું સ્વરૂપ કહ્યું. વિશેષ આગળ કહે

છે. વળી કર્મોનું ઉપશમ તથા ક્ષપણાનું વિધાન અન્ય ગ્રંથાનુસાર ટીકાકારે લખ્યું છે તે પણ આગળ કરીશું. આગળ શુકલ ધ્યાનના વિશેષ ભેદો કહે છે.

पडिसमयं सुज्झंतो अणंतगुणिदाए उभयसुद्धीए ।
पढमं सुक्कं झायदि आरूढो उभयसेणीसु ॥४८४॥

અર્થ :—આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપી છે એવી એમાં લીનતા જામે કે પરમાત્મદશા પ્રગટ કરે તે દશાને શ્રેણી કહે છે. આત્મા જ્ઞાતા છે, આનંદ સ્વરૂપ છે એવું ભાન છે તે લીનતા પણ છે ને તે ઉપરાંત વિશેષ લીનતા શ્રેણીમાં જામે છે. એમ એક ધારાવાહી ઉપશમ તથા ક્ષપક શ્રેણીમાં આરૂઢ થયો થકો સમયે સમયે કર્મોનો ઉપશમ તથા ક્ષય કરે છે તેના કારણે અનંતગુણી વિશુદ્ધતા થાય છે. આવી રીતે શુદ્ધ થયો થકો મુનિ પ્રથમ પૃથકત્વ વિતર્ક વિચાર નામનું શુકલ ધ્યાન ધ્યાવે છે. આ પહેલો પાયો છે, શુકલ ધ્યાનનો બીજો પાયો બારમે હોય છે, તેરમે ગુણસ્થાને ત્રીજો પાયો ને ચૌદમે ગુણસ્થાને ચોથો પાયો હોય છે.

ભાવાર્થ :—પ્રથમ આત્માનું ભાન હોવું જોઈએ ને ભ્રાંતિનો નાશ થવો જોઈએ. પ્રથમ સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ પ્રકૃત્તિના ત્રણ ટુકડા થાય છે તે ત્રણ પ્રકૃત્તિનો તથા અનંતાનુબંધી કષાયની ચાર પ્રકૃત્તિઓના ઉપશમ અથવા ક્ષય કરી સમ્યગ્દષ્ટિ થાય છે. ત્યાર પછી નિર્ગ્રંથ મુનિપણું આવે છે. તે મુનિને વસ્ત્રાદિનો રાગ હોય નહિ, તે મુનિપણામાં વિશેષ ઉગ્રતા કરી અતિશય લીનતા કરે ત્યારે શ્રેણીનો આરંભ થાય છે ને તેમાં શુકલ ધ્યાનનો પહેલો પાયો વર્તે છે. [ક્રમશઃ]

---

(સર્વને જાણનારો પેઈજ નં ૭થી ચાલુ)

સ્વભાવ જ એવો છે કે સ્વયં ટૂકડા થાય છે પણ જોડાતાં નથી, જ્ઞાન તો તેને જાણે પણ બનાવે નહિ, તોડે નહિ કે સાંધે નહિ.

૨, બાદર :—જે તૂટીને મળી જાય છે એવા સ્વભાવવાળા પાણી, ઘી, તેલ આદિ પુદ્ગલને બાદર કહેવાય છે. પાણી જુદું પડે વળી મળી જાય, તેને તું મેળવી ન શકે. મેં દૂધમાં મેળવણ નાંખીને મેળવી દીધું એવું માનવું રહેવા દેજે. જેમ, પારો છૂટો પડીને વળી કેવો મળી જાય છે ! એ તેનો સ્વભાવ છે, એ બધી પુદ્ગલની પર્યાયો છે, તે તારા માટે માત્ર જાણવા લાયક છે. તને એમ થાય કે હું તેમાં ફેરફાર કરી દઉં એ વાતમાં કાંઈ માલ નથી.

આ બે પ્રકાર કહ્યાં, બીજા પછી કહેવાશે. [ક્રમશઃ]

*

# મૃગસેન માછીમારની કથા

કેવળજ્ઞાનરૂપી નેત્રને ધારણ કરવાવાળા શ્રી જિનેન્દ્ર ભગવાનને સાદર ભક્તિપૂર્વક પ્રણામ કરી હું તે માછીમારની કથા લખું છું કે જેણે અહિંસાવ્રતરૂપી વૃક્ષના સેવનથી અમૃતફળ મેળવ્યું હતું. આ કથા અજ્ઞાનાન્ધકારથી ઢંકાયેલા નેત્રવાળા માટે પથ-પ્રદર્શક તથા સમ્પૂર્ણ લોક માટે પણ સુખ-સૌભાગ્યની મૂળ સાધનાની પ્રેરક બનશે.

પ્રાણીઓના ભ્રમને નાશ કરવાવાળી તથા પ્રીતિપૂર્વક આરાધનાનું સર્વ સુખ પ્રદાન કરવાવાળી દેવાધિદેવવંદિત શ્રી જિનભગવાનના મુખકમળઉદ્‌ભગ પરાગરૂપી વાણી સાંસારિક જીવભ્રમરને હંમેશા કલ્યાણરૂપી હો.

જ્ઞાનના સરોવર મુનિરાજ નિરન્તર મારા હૃદયમાં બિરાજમાન હો. કે જેઓ અગમસંસાર-સાગરોથી ભવ્ય પુરુષોને પાર કરવાવાળી સુદ્રઢ નાવ સમાન છે. આ રીતે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરી કર્મરૂપ શત્રુઓનો નાશ કરીને અહિંસાવ્રતની પવિત્ર કથા લખું છું. અહિંસા નામ પ્રાણીઓના પ્રાણની રક્ષા છે. ભલા શા માટે તે સુખનું કારણ ન બને ? અતઃ દયાળુ પુરુષોને મન, વચન અને કાયાથી હિંસાનો પરિત્યાગ કરવો જોઈએ. ઘણા લોકો પોતાના માતા–પિતાના શ્રાદ્ધમાં જીવહિંસા કરીને શાન્તિની કલ્પના કરે છે. ઘણા લોકો દેવી–દેવતાઓને પશુ બલિથી તેમના સંતોષની આશા રાખે છે. પરન્તુ આવી કલ્પના તેઓની અજ્ઞાનતા જ છે. કેમ કે પાપકર્મ ક્યારે સુખનું કારણ નથી બનતું. સુખ છે તો કેવળ અહિંસાવ્રતના પાલન કરવામાં ! તમે સાંભળો, હું અહિંસાવ્રતના માહાત્મ્યની એક કથા તમને સંભળાવું છું કે જે સાંસારિક અજ્ઞાન-તિમિરનો નાશ કરનાર જ્ઞાનભાસ્કર સમાન છે.

અવન્તિ દેશનું શિરોષ નામનું એક નાનકડું ગામ હતું જેની સુન્દરતા તથા સુખ–સમ્પતિની સ્પર્દ્ધા સ્વર્ગને પણ હરાવતી હતી. ત્યાં મૃગસેન નામનો એક માછીમાર રહેતો હતો. એક દિવસ તે પોતાના ખંભા પર જાળ લટકાવી માછલીઓને મારવા માટે સિપ્રા નદી તરફ જઈ રહ્યો હતો. રસ્તામાં તેને યશોધર નામના મુનિરાજના દર્શન થયા ! અનેક રાજા–મહારાજા તેમના ચરણોંની ઉપાસના કરતા હતા. મુનિરાજ પાસે વસ્ત્રાભૂષણ ન હતા પરન્તુ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્‌ચારિત્રરૂપી અમૂલ્ય રત્નોથી વિભૂષિત શરીરમાંથી તેજ કિરણો નીકળતા હતા. મુનિરાજને જોતાં જ માછીમારના હૃદયમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ. ખંભાથી જાળને દૂર કરીને તે મુનિરાજ પાસે ગયો તથા તેમના ચરણોમાં ભક્તિપૂર્વક મસ્તક નમાવીને પ્રાર્થના કરવા લાગ્યો કે હે

ભગવાન ! તમે મને એવું વ્રત આપો જેથી મારું જીવન સફળ થઈ જાય. આટલું કહીને વિનયપૂર્વક તે મુનિરાજ પાસે બેસી ગયો. મુનિરાજે તેની તરફ જોયું ને વિચાર્યું કે આ મહાહિંસકના પરિણામ આજ એકાએક કેવા કોમળ થઈ ગયા ! સત્ય છે કે—

ભવિષ્યમાં જે કાંઈ ઇષ્ટ—અનિષ્ટ થવાનું હોય છે તે અનુસાર જીવોના મન પણ ક્રમશઃ પવિત્ર—અપવિત્ર બને છે.

ત્યારબાદ અવધિજ્ઞાનથી આગળની વાત જાણતાં મુનિરાજને તેના પર અત્યન્ત કરૂણા આવી કે હવે આ માછીમારની જીવનલીલા થોડા સમયમાં જ સમાપ્ત થવાની છે. દયા—દ્રવિત થઈને તેમણે કરૂણાથી કહ્યું. હે ભવ્ય, હું તને એક ઉપદેશ આપું છું તેનું તું જીવનભર પાલન કરજે કે તારી જાળમાં પહેલીવાર જે જીવ આવે તેને છોડી દેજે અને તે પ્રથમ છોડેલો જીવ જેટલીવાર તારી જાળમાં આવે તેને છોડી દેજે. બસ, તું પાપથી દૂર રહીશ. આ રીતે માછીમારે મુનિરાજના મોક્ષદાયક શબ્દો સાંભળી અત્યન્ત ખુશ થઈ વ્રત સ્વીકાર કર્યો. સત્ય છે કે જેઓ ગુરુ-આજ્ઞાને સમજીને પાલન કરે છે તથા વિશ્વાસ રાખે છે તેઓ અવશ્ય પૃથ્વી પર સર્વ પ્રકારના સુખને પામી અન્તમાં મોક્ષસુખને પામે છે.

વ્રત ધારણ કરીને મૃગસેન નદી કિનારે આવ્યો. નદીમાં પોતાની જાળ નાખી. ભાગ્યથી આ વખતે એક મોટી માછલી જાળમાં ફસાઈ. જાળમાંથી કાઢીને પોતાના ગુરુની આજ્ઞાનુસાર તે માછલીના કાનમાં એક કપડાની ધજ્જા બાંધીને તેને નદીમાં છોડી દીધી. તેણે ફરી પોતાની જાળ ફેંકી તોપણ તે જ મોટી માછલી જાળમાં આવી. પરન્તુ તે માછીમારે મનમાં દુઃખ ન લગાડીને દ્રઢતાપૂર્વક વ્રતનું પાલન કર્યું. આ તરફ સાંજ ઢળવાનો સમય થઈ ગયો હતો. પક્ષીગણ પણ પોતપોતાના 'માળા'માં શરણ લેવા જઈ રહ્યા હતા. તે નિરુપાય થઈને પોતાના ઘર તરફ ચાલ્યો. રસ્તામાં તે ગુરુપ્રદત મન્ત્રનું સ્મરણ કરતો ગયો. તેની પત્નીએ તેને ખાલી હાથ આવતાં જોઈને દુઃખી થઈને દરવાજો બન્ધ કરીને અન્દર ચાલી ગઈ. સત્ય છે કે પતિનો પ્રેમ હોવા છતાં નીચ સ્ત્રીઓનો વ્યવહાર આવો જ હોય છે. પોતાની સ્ત્રીનો આવો દુર્વ્યવહાર જોઈને મૃગસેન કર્તવ્ય વિમૂઢ થઈને ઘરની બહાર એક જુના લાકડા પર પંચ નમસ્કાર મન્ત્રનું જાપ કરીને સૂઈ ગયો.

સૂર્યોદય સાથે સાથે પત્નીનો ભાગ્યસૂર્ય પણ અસ્ત થઈ ગયો. જ્યારે પ્રાતઃ ઊઠીને પત્ની પતિને જોવે છે તો એના દુઃખનો પાર ન રહ્યો. તે છાતી પીટી પીટીને રોવા લાગી. કેમ કે રાત્રિમાં કાળરૂપી અંધકારે તેના જીવનનો અન્ત કરી દીધો હતો. તેથી

તેણે નિદાન કર્યું કે બીજા જન્મમાં પણ આ જ મારા સ્વામી હો. ત્યારબાદ તેણે પોતાના પતિ સાથે અગ્નિમાં પ્રવેશ કરી આપઘાત કરી પોતાની જીવનયાત્રા સમાપ્ત કરી.

વિશાલા નગરીમાં વિશ્વમ્ભર રાજા રાજ્ય કરતા હતા. તેની પત્નીનું નામ વિશ્વગુણા હતું. તે જ રાજ્યમાં ગુણપાલ નામના એક શેઠ રહેતા હતા. તેની પત્નીનું નામ ધનશ્રી તથા પુત્રીનું નામ સુબન્ધુ હતું. ધનશ્રી સુન્દર તથા ગુણવતી હતી. પુણ્યોદયથી મૃગસેન માછીમારનો જીવ ધનશ્રીના ગર્ભમાં આવ્યો.

રાજાનો નર્મભર્મ નામનો એક મન્ત્રી હતો. તેના પુત્રનું નામ હતું નર્મધર્મ. મન્ત્રીએ રાજાને પ્રાર્થના કરી કે ગુણપાલની પુત્રી સુબન્ધુ સાથે મારા પુત્રનું વિવાહ કરાવી દયો. રાજાએ મંત્રી-પુત્ર માટે ગુણપાલને આગ્રહ કર્યો. પરન્તુ ગુણપાલ પોતાની પુત્રીનો વિવાહ નર્મધર્મ સમાન કુકર્મી સાથે કરવા નહોતો ઇચ્છતો. પરન્તુ રાજાથી બચવાનો ઉપાય તો રાજ્યપરિત્યાગ સિવાય બીજું કાંઈ નહોતું. તે પોતાના મિત્ર શ્રીદત્ત પાસે પોતાની સગર્ભા પત્નીને છોડી પુત્રી તથા થોડું ધન સાથે લઈ રાજ્ય છોડી ભાગી ગયો. જતાં જતાં રસ્તામાં તેણે કૌશમ્બી નગરીનું શરણ લીધું. [ક્રમશઃ]

*

નાયરોબી(કેન્યા)માં દશલક્ષણ-પર્યુષણપર્વ ઉપર

## પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રબોધિત અધ્યાત્મધર્મની પ્રભાવના

નાયરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળના અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઈ 'રાજા' પોતાના તા. ૧૪-૯-૯૮ના પત્રમાં લખે છે કે---અહીં નાયરોબીમાં શ્રી દશલક્ષણ-પર્યુષણપર્વ અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યા. આ અવસરે પ્રવચન માટે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢના આદેશથી વિદ્વાન પ્રવચનકાર શ્રી હિમ્મતભાઈ ડગલી પધાર્યા હતા. તેમણે સવારમાં શ્રી સમયસાર, બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' અને સાંજના 'પદ્મનંદિપંચવિંશતિકા' ઉપર ખૂબ જ સરળ શૈલીમાં સુંદર પ્રવચન આપ્યા હતા. પોતાના પ્રવચનોમાં તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી માતાના ઉપકાર-મહિમા અને અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ પ્રતિ પોતાની ભાવના વારંવાર દોહરાવતા હતા, જેને સાંભળીને અહીંનું મુમુક્ષુમંડળ ખૂબ જ આનંદિત થતું હતું. પર્યુષણ પછી શ્રી હિમ્મતભાઈ ડગલીએ મોક્ષશાસ્ત્ર અને શ્રી પ્રવચનસાર ઉપર પ્રવચન આપ્યા હતા. પ્રવચનમાં લગભગ ૨૦૦ મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિ રહેતી હતી.

*

[તા. ૧૧-૧૨-૯૮]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ | : | શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર પુરુષો માટેનો શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | 'શ્રી સમયસાર' ઉપર શાસ્ત્ર-વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' પર ભાવવાહી ટેપ-પ્રવચન |

★ **ધાર્મિક શિક્ષણવર્ગ** :—નાતાલની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૮, ગુરુવારથી તા. ૨-૧-૯૯, શનિવાર—દસ દિવસ સુધી સોનગઢમાં ધાર્મિક શિક્ષણ રાખવામાં આવશે.

**વૈરાગ્ય સમાચાર :—**

પાલિતાણા નિવાસી (હાલ માટુંગા) શ્રી હીરાબેન આણંદજી અજમેરા (વર્ષ-૮૨) તા.૨૧-૧૦-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાંદરણાનિવાસી શ્રી નારણભાઈ ગોવિંદભાઈ (વર્ષ-૬૫) તા. ૨૧-૧૧-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બેંગલોર નિવાસી શ્રી પ્રવિણભાઈ હરીલાલ દોશીના સુપુત્ર શ્રી પંકજભાઈ (વર્ષ-૪૮) તા. ૨૪-૧૧-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની રુચિ ઘણી હતી.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. *

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો જ પડ્યો છે એને દેખ ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી, તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યદળમાં પેસતો નથી. ૧૧૪.

* મેં મારા પરમભાવને ગ્રહણ કર્યો છે તે પરમભાવ આગળ ઈન્દ્ર ને ચક્રવર્તીના વૈભવની તો શું વાત ! પણ ત્રણલોકનો વૈભવ તુચ્છ લાગે છે. બીજું તો શું પણ મારી સ્વાભાવિક નિર્મળ પર્યાય તે પણ, હું દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે મારી નથી. પરદ્રવ્યો તો મારા નથી જ, અંદર રાગાદિ ભાવ થાય તે પણ મારા નથી જ, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી જે મને નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે તેની પણ મને કાંઈ વિશેષતા નથી. મારો દ્રવ્યસ્વભાવ તો અગાધ, અગાધ છે, તેની પાસે નિર્મળ પર્યાયની વિશેષતા શું ? દયા-દાન-ભક્તિ આદિના શુભ રાગની તો શું વાત ! પણ અનંત શક્તિમય અગાધ ચૈતન્યસ્વભાવ પાસે પ્રગટ થયેલ નિર્મળ પર્યાયની પણ વિશેષતા નથી. આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય ?–કે ચૈતન્યનો અપાર અપાર મહિમા લાવી, નિમિત્તથી, રાગથી, પર્યાયથી બધાથી પાછો વળીને પોતાના સ્વભાવ તરફ વળે ત્યારે પ્રગટ થાય આહાહા ! ૧૨૧.

* વસ્તુ અબંધસ્વરૂપ છે, તેને દૃષ્ટિમાં લેવો તે મહાન પુરુષાર્થ છે. નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિ દ્વારા વસ્તુ દૃષ્ટિમાં આવે છે. પર્યાયમાં બંધ–મોક્ષ છે પણ દ્રવ્યમાં બંધ-મોક્ષ છે જ નહીં. પર્યાયમાં બંધભાવ છે અને તેના અભાવથી મોક્ષ થાય છે, પણ બંધ છે તે ત્રિકાળી વસ્તુમાં છે જ નહીં. વસ્તુસ્વભાવમાં બંધ કેમ હોય ? વસ્તુમાં બંધ હોય તો વસ્તુનો અભાવ થઈ જાય. શુદ્ધનિશ્ચયનયથી વસ્તુમાં બંધ નથી તેથી બંધના અભાવથી થતો મોક્ષ તે પણ વસ્તુમાં નથી. આવી વસ્તુની દૃષ્ટિ કરવી તે મહા પુરુષાર્થ છે. જ્ઞાયક ભાવમાં બંધ-મોક્ષ ક્યાંથી આવે ? પર્યાયનો બંધ-મોક્ષ વસ્તુમાં નથી. નિર્મળ પરિણતિ પણ દ્રવ્યની નથી. આચાર્યદેવ દ્રવ્યનું સ્વરૂપ બતાવવા, તેની દૃષ્ટિ કરાવવા અને પર્યાયદૃષ્ટિ છોડાવવા કહે છે કે પર્યાયને દ્રવ્ય કરતું જ નથી. ૧૨૨.

*

૨૩૨

❀ દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી-પાછી કરી શકે—ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે.

❀ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ત્રિકાળી ધ્રુવ આત્માને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો.

❀ જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'


સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ


આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂ. ૧૬૮/– અલગ]

1426 [illegible]
[illegible]
[illegible]
[illegible]-364230 ([illegible])